# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1. **વિપક્ષોના ભારે હોબાળા વચ્ચે સંસદના બંન ગૃહોની કામગીરી ખોરંભે – રાજ્યસભા બે વાગ્યા સુધી સ્થગિત.**
2. **હોર્મુંઝ સ્ટ્રેટમાં વાણિજ્યિક જહાજો પર હુમલાની ભારતે સખત શબ્દોમાં ટીકા કરી.**
3. **ઓરિસ્સામાં ભારે વરસાદ બાદના પૂરને કારણે જનજીવન અસ્તવ્યસ્ત.... આસામમાં સ્થિતીમાં સુધારો.**
4. **આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ પર કેન્દ્રીય મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું કે, ભારતે વાઘ સંરક્ષણમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી.**
5. **ભારતીય શેરબજારમાં વધારા સાથે કારોબાર... સેન્સેક્સ 840 અને નિફ્ટીમાં 240 અંકોનો ઉછાળો.**

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને ૩0 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# LS -RS- ADJOURN

NEET મુદ્દા પર વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન પોલીસ કાર્યવાહીના વિરોધમાં વિપક્ષના હોબાળાને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ખોરંભે. લોકસભાની કાર્યવાહી સવારે 11 વાગ્યે શરૂ થઈ ત્યારે, સ્પીકર ઓમ બિરલાએ ગ્લાસગો ખાતે 23મા કોમનવેલ્થ ગેમ્સમાં સિલ્વર મેડલ જીતવા બદલ વેઇટલિફ્ટર હરજિંદર કૌર અને એથ્લીટ ગુલવીર સિંહને અભિનંદન આપ્યા. બાદમાં, જ્યારે સ્પીકરે પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે વિપક્ષના સભ્યોએ વિદ્યાર્થીઓના વિરોધ દરમિયાન પોલીસ કાર્યવાહીના વિરોધમાં સૂત્રોચ્ચાર શરૂ કર્યા. શ્રી બિરલાએ આરોપ લગાવ્યો કે કેટલાક વિપક્ષી સભ્યો જાણી જોઈને પ્રશ્નકાળમાં ખલેલ પહોંચાડી રહ્યા છે.

(BYTE – OM BIRLA)

# RS - ADJOURN

NEET પેપર લીક મામલે વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ કાર્યવાહી અંગે વિપક્ષ દ્વારા કરાયેલા હોબાળાને કારણે રાજ્યસભા બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. ગૃહને પહેલા બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું હતું. પ્રથમ મુલતવી રહ્યા બાદ જ્યારે ગૃહ ફરી શરૂ થયું ત્યારે સ્પીકર સી.પી. રાધાકૃષ્ણને પ્રશ્નકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિપક્ષે હોબાળો ચાલુ રાખતા ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યું.

સવારે 11 વાગ્યે ગૃહ શરૂ થયું, ત્યારે કોલસા, ખાણ અને સ્ટીલ પર સંસદીય સ્થાયી સમિતિનો અહેવાલ પણ રજૂ કરવામાં આવ્યો. ત્યારબાદ, સ્પીકર સી.પી. રાધાકૃષ્ણને શૂન્ય કાળ શરૂ કર્યો. સીપીઆઈ-એમ સાંસદ જોન બ્રિટાસે જેએનયુ વિદ્યાર્થી સંઘના ભૂતપૂર્વ પ્રમુખ આઈશી ઘોષ સામે કાર્યવાહી કરવા માટે દિલ્હી પોલીસના નવી દિલ્હી સ્થિત સીપીઆઈ-એમ મુખ્યાલયમાં પ્રવેશનો મુદ્દો ઉઠાવ્યો. જેના જવાબમાં ગૃહના નેતા જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે આ એક સરળ કાયદો અને વ્યવસ્થાનો મુદ્દો છે, અને જ્યારે વિદ્યાર્થીઓ સક્રિયતા દર્શાવે છે અને કાયદો પોતાના હાથમાં લે છે ત્યારે પોલીસ યોગ્ય કાર્યવાહી કરે છે. શ્રી નડ્ડાએ ઉમેર્યું કે કટોકટી દરમિયાન તેમને પણ વર્ગખંડમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

# PARLIAMENT RIJIJU REAX

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કોંગ્રેસના સાંસદો પર જાહેર પરીક્ષા (અયોગ્ય માધ્યમો નિવારણ) સુધારા વિધેયક 2026 ની જોગવાઈઓ પર ચર્ચા ન કરવાનો અને સંસદીય ચર્ચા દરમિયાન ગૃહમાં વિવિધ રાજકીય મુદ્દાઓ ઉઠાવવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે આ વિધેયક વિદ્યાર્થીઓની ચિંતાઓ અને માંગણીઓને ધ્યાને રાખી રજૂ કરવામાં આવ્યું છે.

**(BYTE: KIREN RIJJU)**

# P HARISH- HORMUZ

ભારતે હોર્મુઝ સ્ટ્રેટમાં તાજેતરમાં કેટલાંક દરિયાઈ જહાજો પર થયેલા હુમલાઓની કડક ટિકા કરી છે અને કહ્યું છે કે આ ક્ષેત્રમાં વાણિજ્યિક શિપિંગ અને નાગરિક માળખાગત સુવિધાઓને નિશાન બનાવવી બંધ થવી જોઈએ. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, પર્વતાનેની હરીશે જણાવ્યું હતું કે, આ ક્ષેત્રમાં ચાલી રહેલો સંઘર્ષમાં થોડા સમય માટે અટક્યા બાદ ફરી, ચિંતાજનક રીતે હુમલાઓ શરૂ થયા છે.

શ્રી હરીશે આ મહિને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા અનેક જહાજો - GFS ગેલેક્સી, MT અલ બાહિયાહ અને MT મોમ્બાસા - પર થયેલા હુમલાઓની ભારતે સખત ટિકા કરી હતી. તેમણે કહ્યું કે, આંતરરાષ્ટ્રીય જળમાર્ગો દ્વારા મુક્ત અને અવરોધ વિના નેવિગેશન અને વાણિજ્ય પુનઃસ્થાપિત થવું જોઈએ.

# JAPAN- DEATH TOLL

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે દક્ષિણપશ્ચિમ જાપાનના કુમામોટો વિસ્તારમાં આવેલા શક્તિશાળી ભૂકંપ અંગે ચિંતા વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જાપાનના લોકો અને સરકાર પ્રત્યે સહાનુભૂતિ વ્યક્ત કરતાં ભારતના સમર્થન અને એકતા વ્યક્ત કરી છે. તેમણે ભૂકંપથી પ્રભાવિત તમામ લોકોની સલામતી અને ઝડપી સ્વસ્થતા માટે પણ પ્રાર્થના કરી છે.

ગઈકાલે આવેલા શક્તિશાળી ભૂકંપમાં જાપાનના કુમામોટો વિસ્તારમાં મૃત્યુઆંક વધીને તેર થયો છે. વીજ પુરવઠો ખોરવતા, પરિવહન પ્રણાલીઓને નુકસાન અને તીવ્ર ગરમીના કારણે આશ્રયસ્થાનોમાં રહેતા હજારો લોકો માટે રાહત પ્રયાસોમાં અવરોધ આવી રહ્યો છે.. ક્યુશુ શિંકનસેન બુલેટ ટ્રેન અને કેટલાક હવાઈમાથકો બંધ છે. પ્રધાનમંત્રી સના તાકાઈચીએ જણાવ્યું હતું કે અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ કામગીરી ચાલુ છે. 36 હજાર 900 થી વધુ ઘરોમાં વીજ પુરવઠો બંધ છે અને કેટલાક વિસ્તારો સંદેશાવ્યવહાર નેટવર્ક વિના છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# ODISA-RAIN

ઓડિશામાં અવિરત વરસાદને કારણે ભારે પૂર આવ્યું છે, જેના કારણે રાજ્યના ઘણા ભાગોમાં જનજીવન ભારે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભદ્રક જિલ્લો સૌથી વધુ પ્રભાવિત થયો છે, ભંડારીપોખરી અને ધામનગર બ્લોકના મોટા વિસ્તારો ડૂબી ગયા છે. પૂરના પાણી નીચાણવાળા વિસ્તારો અને ખેતીની જમીનમાં ઘૂસી ગયા છે. અખુઆપરામાં બૈતરણી નદી હજુ પણ ભયના નિશાનથી ઉપર વહી રહી છે. અધિકારીઓએ સંવેદનશીલ વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી વધુ તીવ્ર બનાવી છે અને નદીના પાણીના સ્તર પર નજીકથી નજર રાખી રહ્યા છે. વહીવટીતંત્રે નીચાણવાળા અને પૂરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને સતર્ક રહેવા અને સરકારી સલાહનું કડક પાલન કરવા વિનંતી કરી છે, કારણ કે રાજ્યના કેટલાક ભાગોમાં ભારે વરસાદ ચાલુ રહેવાની સંભાવના છે.

# ASSAM FLOOD RELIEF

ગૃહમંત્રી અમિત શાહે આસામના મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા સરમાને ઉપરી આસામમાં આવેલા વિનાશક પૂર બાદ ચાલી રહેલા રાહત કાર્યો અંગે જાણકારી મેળવી.

ડૉ. સરમાએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે શ્રી શાહે તમામ પરિસ્થિતિની સમીક્ષા કરી અને પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત, પુનઃસ્થાપન અને પુનર્નિર્માણ માટે કેન્દ્ર સરકાર દ્વારા શક્ય તમામ સહાયની ખાતરી આપી હતી.

દરમિયાન શિવસાગર, ગોલાઘાટ, ચરાઈદેવ અને જોરહાટ જેવા સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત અને પુનર્વસન કાર્ય યુદ્ધના ધોરણે ચાલુ છે. પરિસ્થિતિ ધીમે ધીમે સામાન્ય થઈ રહી છે, અને મોટાભાગના અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પૂરના પાણી ઓસરી ગયા છે, જોકે કેટલાક વિસ્તારો હજુ પણ પાણીમાં ગરકાવ છે. સરકારી એજન્સીઓ ચોવીસ કલાક કામ કરી રહી છે અને મોટાભાગના અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજળી સહિતની આવશ્યક સેવાઓ પુનઃસ્થાપિત કરવામાં આવી છે.

આસામ સરકારે પૂરગ્રસ્ત લોકો માટે અનેક રાહત અને પુનર્વસન પગલાંની જાહેરાત કરી છે. આમાં પૂરમાં જીવ ગુમાવનારા લોકોના નજીકના સગાંઓને સહાય, અસરગ્રસ્ત પરિવારોને નાણાકીય સહાય અને વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સહાયનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર ત્રીજી ઓગસ્ટથી ઘરો, પશુધન, મત્સ્યઉદ્યોગ અને પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન શરૂ કરશે. ત્યારબાદ પાત્ર લાભાર્થીઓને નિર્ધારિત વળતર મળશે.

# DAY-IMD

હવામાન વિભાગે આજે છત્તીસગઢ, પૂર્વી મધ્યપ્રદેશ અને વિદર્ભમાં ભારે વરસાદની આગાહી કરી છે. વિભાગે આવતીકાલ સુધી અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, દિલ્હી, કોંકણ, ગોવા, કેરલમ અને માહેમાં ભારે વરસાદની સંભાવના દર્શાવી છે. આગામી બે દિવસ નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં વીજળી પડવાની પણ આગાહી કરી છે.

# INTERNATIONAL TIGER DAY

વાઘના સંરક્ષણ, કુદરતી રહેઠાણોનું રક્ષણ અને વાઘની વસ્તીમાં ઘટાડાને રોકવા અંગે જાગૃતિ લાવવા માટે આજે વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસની ઉજવણીનો આરંભ નવેમ્બર 2010 માં રશિયામાં સેન્ટ પીટર્સબર્ગ ટાઇગર સમિટ દરમિયાન કરવામાં આવી હતી.

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે કહ્યું છે કે, ભારતે વાઘ સંરક્ષણમાં નોંધપાત્ર સફળતા મેળવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી યાદવે ભારપૂર્વક જણાવ્યું કે, વિશ્વના 75 ટકા વાઘની સંખ્યા 3 હજાર 682 છે, જે દેશના 58 અભયારણ્યોમાં વસે છે, ભારત વાઘ સંરક્ષણમાં વૈશ્વિક સ્તરે અગ્રેસર છે.

ભારત સહિત 13 વાઘ-ધરાવતાં દેશોના નેતાઓએ 2022 સુધીમાં વૈશ્વિક વાઘની વસ્તી બમણી કરવાના મહત્વાકાંક્ષી લક્ષ્યને અપનાવ્યું. તાજેતરના વૈશ્વિક અંદાજ મુજબ, વિશ્વભરમાં આશરે 5 હજાર 711 જંગલી વાઘ બાકી છે.

# MODI-TIGER DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ વાઘ દિવસ નિમિત્તે વન્યજીવન પ્રેમીઓને શુભેચ્છા પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ જણાવ્યું છે કે વિશ્વની વાઘની વસ્તીના 70 ટકા વાઘ  ભારતમાં છે. તેમણે કહ્યું કે ભારતના વાઘ સંરક્ષણ પ્રયાસો સદીઓ જૂની સંસ્કૃતિ દ્વારા પ્રેરિત છે જે પ્રકૃતિ સાથે સુમેળ સાધે છે અને લોકોની સામૂહિક ઇચ્છાશક્તિ દ્વારા સંચાલિત છે. તેમણે એમ પણ કહ્યું કે દેશ વિજ્ઞાન આધારિત સંરક્ષણ, સમુદાય ભાગીદારી અને ટકાઉ વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરે છે જે વાઘ સંરક્ષણને મજબૂત બનાવે છે. તેમણે વાઘ સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા બદલ વન કર્મચારીઓ અને વૈજ્ઞાનિકોની પ્રશંસા કરી.

# STOCKS- 1200

આજે બપોરના સત્રમાં બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો લગભગ એક ટકાના વધારા સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. છેલ્લા અહેવાલો આવ્યા ત્યારે સેન્સેક્સ 850 પોઈન્ટ જ્યારે નિફ્ટી 240 અંક જેટલો વધીને કારોબાર કરી રહ્યો હતો. ક્ષેત્રીય મોરચે, આઇટી, મેટલ અને એફએમસીજીના શેરોમાં લેવાલી જ્યારે કેપિટલ ગુડ્સ, પાવર અને સર્વિસીસ ના શેરોમાં વેચવાલી જોવા મળી હતી.

# FISHING BOAT TRAGEDY

કરાઈકલ ફિશિંગ બંદર ખાતે યાંત્રિક માછીમારી બોટમાંથી ગઇકાલે માછલીઓ ઉતારતી વખતે શંકાસ્પદ ઝેરી ગેસનો ભોગ બનતા એક માછીમારનું મોત થયું હતું અને ત્રણ અન્ય ગંભીર રીતે ઘાયલ થયા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર માછીમારો બંદર પર બોટમાંથી માછલીઓ ઉતારી રહ્યા હતા ત્યારે એક માછીમાર બોટના કચરાવાળા માછલી સંગ્રહના ડબ્બામાં જતાં રહેતા ઝેરી ગેસની તેને અસર થઈ હતી તેને બચાવવા માટે અન્ય માછીમારો પણ ગેસના કારણે બેભાન થઈ ગયા હતા.

ચારેયને કરાઈકલ સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ એક માછીમારને મૃત જાહેર કર્યો હતો. અન્ય ત્રણની સઘન સારવાર ચાલી રહી છે. પોલીસે કેસ નોંધ્યો છે અને ઘટનાની તપાસ કરી રહી છે.